Volume: 4 Issue: 12 Pages: 192-197




# સમાજ સુધારક અને ક્રાંતિકારી સ્વતંત્ર સેનાની: બિરસા મુંડા

*1 Dr. Madhubhai N Gayakwad

*1 Professor, Department of Sociology, Veer Narmad South Gujarat University, Surat, Gujarat, India.

**Article Info.**
**E-ISSN: 2583-6528**
**Impact Factor (SJIF): 6.876**
**Peer Reviewed Journal**
**Available online:**
**www.alladvancejournal.com**

**Received:** 21/Nov/2025
**Accepted:** 25/Dec/2025

***Corresponding Author**
**Dr. Madhubhai N Gayakwad**
Professor, Department of Sociology,
Veer Narmad South Gujarat University,
Surat, Gujarat, India.

**સારાંશ**
બિરસા મુંડા એક મહાન આદિવાસી નેતા, સ્વતંત્ર સેનાની અને મહાન સમાજ સુધારક હતો. સ્વતંત્રતા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર મહાન આદિવાસી ક્રાંતિવીર તથા જનનાયક પણ હતો. બિરસા મુંડા સ્વતંત્ર સંગ્રામના હીરો ઉપરાંત આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉર્જાના વાહક હતા.આ મહાન જન નાયક બિરસા મુંડાએ આદિવાસી સમાજને બ્રિટીશ શોષણ અને અન્યાય સામે જાગ્રત કર્યા હતા.તેમના નેતૃત્વ આધ્યાત્મિક જ્ઞાન અને લોકો પ્રત્યેના પ્રેમને કારણે આદિવાસીઓ તેમને એક ખાસ નામથી બોલાવતા અને સન્માન આપતા હતા. બિરસા ભગવાનની સાર્થક્તા આજે પણ ઓછી થઇ નથી. પ્રસ્તુત લેખને અહીં ત્રણ વિભાગમાં રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં એમનો જીવન પરિચય, બીજા ભાગમાં સમાજ સુધારા અંગે તેમના વિચારો અને ત્રીજા ભાગમાં તેમના આંદોલનો અને સંઘર્ષ અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

**મુખ્ય શબ્દ:** ઉલગુલાન, જમીનદાર, દાઉદ બિરસા, આંદોલન, શોષણ.

## પ્રસ્તાવના

ભગવાન બિરસા મુંડાની ભારતના નક્શા પર ઝારખંડના રૂપમાં ૧૫ નવેમ્બર, ૨૦૦૦માં જે નવા રાજ્યનો ઉદય થયો છે તે બિરસા મુંડા અને એના સમધર્મી ક્રાંતિકારીઓના સંઘર્ષ અને સપનાઓનું પરિણામ છે. એટલા માટે સ્વાભાવિક છે કે અચાનક સમગ્ર ભારત અને સમગ્ર વિશ્વની દ્રષ્ટિ એક વાર પુન: ઝારખંડ તરફ વળી છે અને એનું અતિત અચાનક મહત્વપૂર્ણ થઇ ગયું છે. આ અતિતનો મહાન પુરુષ બિરસા મુંડા છે. "રાજા અને જમીનદારોએ આપણું લોહી ચૂસીને આપણને સુકા અને કાળા કરી નાખ્યા છે. આપણું કામ વેઠિયા મજૂરોનું બતાવે છે. આપણી પાસે પહેરવાના ધોતિયું, પાઘડી અને ઝબ્બો. ચંપલ પહેરવાનું અને છત્રી રાખવા પર પ્રતિબંધ મુકે છે. આ બધું એટલા માટે કે આપણે રાજા, જમીદાર લોકોના ફેંકેલા કપડા પહેરીને, એઠું ખાઇને જેમતેમ જીવીએ અને વેઠ-મજૂરી કરતા રહીએ. જો આપણી પાસે સારા કપડાં, ભોજન, ઘર, સંપતિ થઇ જાય તો જમીનદારો પાસે કામ કરવા કોણ જશે.?" આ સંદેશથી સમગ્ર ઝારખંડ, બંગાળ, ઓરિસ્સા, છત્તીસગઢ વિસ્તારના મુંડા, કોલ, ઓરાંવ, સંથાલ આદિવાસીઓમાં સમ્માન માટેનો જુવાળ ફેલાવનાર અને આદિવાસીઓની જમીનો જબરજસ્તીથી પડાવનાર, અત્યાચાર ગુજારી, શોષણ કરનાર અંગ્રેજો, જમીનદારો, વેપારીઓ, શાહુકારો, ઠેકેદારો સામે ઉલગુલાન ક્રાંતિ જગાડનાર અને ભગવાન તરીકે પુજાનાર બિરસા મુંડા ઝારખંડ રાજ્યના રાંચી જિલ્લાના ચલકંદ ગામમાં નવેમ્બર ૧૮૭૫ના રોજ જન્મ્યા હતા. બિરસા અંગ્રેજોની ગુલામી વિરુધ્ધ યોજનાબધ્ધ સશસ્ત્ર સંઘર્ષમાં પારંગત તો હતો જ, પરંતુ સાથોસાથ સ્વદેશી શોષણનો પણ ઘોર વિરોધી હતો.એની લડાઇ એક એવા ભવિષ્યની લડાઇ હતી કે જેમાં સમાજના છેવાડાની વ્યક્તિ પણ શોષણ અને ભયમુક્ત આત્મ સમ્માંનનું જીવન જીવી શકે. એટલા માટે જ બિરસા ભગવાનની સાર્થક્તા આજે પણ ઓછી થઇ નહિ. તે અતિતનો જ નહિ, આદિવાસી સમાજનો વર્તમાન અને ભવિષ્યનો પણ પ્રેરણા પુરુષ છે અને રહેશે. આવા પ્રેરણા પુરુષ અને અમર જનનાયકની આ વર્ષે ગુજરાત સહિત સમગ્ર ભારતમાં ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે.

**I.**

ઝારખંડ રાજ્યના ખૂંટી જિલ્લાના ઉલીહાતુ ગામમાં મુંડા જનજાતિમાં બિરસાનો જન્મ ૧૫ નવેમ્બર, ૧૮૭૫ ના દિને થયો હતો. પિતા સુગના અને માતા કરમીનું સંતાન બિરસા. પિતા સુગના અને માતા કરમીના પાંચ સંતાનો હતા. તેમાં ત્રણ પુત્રો- કોંતા, બિરસા અને કાનુ તથા બે પુત્રીઓ દસકીર અને ચમ્પા હતી.
બિરસાનો જન્મ વાંસની ચિપ્સથી બનેલ ઘરમાં થયો હતો, કે જેની છત પણ મજબૂત ન હતી. અર્થાત ઝૂંપડામાં બિરસાનો જન્મ થયો

હતો. બિરસાનું બાળપણ એમના માતા પિતા સાથે ચલકદમાં, સામાન્ય મુંડા બાળકોના બાળપણની જેમ જ વિતેલું. તે એમના બાળ સાથીઓની સાથે ધૂળ-માટીમાં રમતાં-કુદતાં પ્રકૃતિની ગોદમાં મોટો થયો. એ જંગલોમાં બકરીઓ ચરાવતો હતો. એને વાંસળી વગાડવી ખૂબ ગમતી હતી. એના કમરમાં વાંસળી એની ઓળખ બની ગઇ હતી. કહેવામાં આવે છે કે, જ્યારે એ વાંસળી વગાડતો હતો ત્યારે, જંગલના બધાજ પશુ-પક્ષીઓ એની વાંસળીની ધુન સાંભળી એની તરફ ખેંચાઈ આવતા હતા. (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૪૩)

બિરસા અન્ય સામાન્ય મુંડાઓથી અલગ તરી આવતો હતો. બિરસામાં કંઈક કરી બતાવવાની ઝલક હતી, પરંતુ તે લાચાર હતો, કારણ કે, એનો પિતા સુગના ખૂબ જ ગરીબ હતો. બામ્બામાં સુગના એક કિસાન બની ગયો, પરંતુ તે પોતાના કુંટુંબનું પાલન પોષણ કરવામાં અસમર્થ હતો. કરમી અને સુગનાના સમજમાં એ આવતું ન હતું કે કુંટુંબની ગરીબી દૂર કરવા શું કરી શકાય? મોટો પુત્ર કોંતા સમજદાર હતો. તે દશ વર્ષની ઉંમરમાં જ એક મુંડાના ઘરે નોકરના રૂપમાં રહેવા માટે કુંદી-બરટોલી જતો રહ્યો. ત્યાં તે આઠ વર્ષ સુધી રહ્યો. એના પછી તે પોતાના પિતા અને નાના ભાઈની પાસે ચલકદ પાછો ફર્યો. ગરીબીના કારણે બિરસાને પણ પોતાના મામાને ત્યાં અયુબહાતુ જવું પડયું. તે અયુબહાતુમાં બે વર્ષ સુધી રહ્યો. ત્યાંની જયપાલ નાગ સલગા વિદ્યાલયમાં બિરસાએ શિક્ષણની શરૂઆત કરી. ત્યાં એને અક્ષર-જ્ઞાનની સાથે આધ્યાત્મિક અને શારીરિક સ્વાસ્થયના રક્ષણની પણ તાલીમ મળી.

મુંડા-વિદ્રોહના કેન્દ્ર-સ્થાન, ડોમ્બારી અને સઈલ રકલ પહાડીમાં, સલગા ગામથી નજીક હતું. આ સ્થળ બિરસાના બાળપણથી જ એનાથી જોડાયેલ હતું. બિરસાની સૌથી નાની માસી (જોની), એને ખૂબજ લાડ કરતી હતી, જ્યારે માસીનું લગ્ન થયું ત્યારે પોતાની સાથે બિરસાને લઇ જવા એણે ઇચ્છા વ્યક્ત કરી. ગરીબ સુગના પાસે એનો ઇન્કાર કરવાનું કારણ ન હતું. માસી એને પોતાની સાથે લઇ પોતાના સસુરાલ-ખટંગા લઇ ગઇ.આ ગામ (ખટંગા) ના ઈસાઈ કુંટુંબોને મળવા એક ઈસાઈ ધર્મ પ્રચારક આવતો હતો. બિરસા એમની પાસેથી ઈસાઈ ધર્મની વાતો સાંભળતો હતો. પ્રચારકનું કહેવું હતું કે, મુંડા જાતિની આદિ (પુરાની -જુની) ધર્મ વ્યવસ્થા સારી નથી. પ્રચારક મુંડા-ધર્મની આલોચના કરતો અને ઈસાઈ ધર્મ સારો અને સાચો બતાવતો હતો. આ વાતો બિરસાને સારી લાગતી ન હતી. એ વિચાર કરવા લાગ્યો કે, એનો પિતા ઈસાઈ કેમ બન્યો? ઈસાઈ ધર્મ સારો છે, એ માટે ઈસાઈ બન્યો, અથવા સરકારી કર્મચારીઓ અને પોલીસોના અત્યાચારથી બચવા માટે ઈસાઈ બન્યો? પોતાનો આદિ ધર્મ અને ઈસાઈ ધર્મના સંબંધમાં તરહ-તરહની તુલનાત્મક વાતો સાંભળી કિશોર બિરસાને ક્યારેક આશ્ચર્ય થતું અને ક્યારેક દુઃખ પણ થતું. એનાથી એ ખૂબ જ ગંભીર અને ખોવાયેલ જેવો રહેવા લાગ્યો.

આ દિવસોમાં એની સાથે એક ખરાબ ઘટના ઘટી, જેના કારણે એ ગામને એણે છોડવું પડ્યું. બિરસા બકરીઓ ચરાવવાનું કામ તો કરતો હતો, પરંતુ પોતે પોતાનામાં એટલો ખોવાયેલો રહેતો કે એની બકરીઓ બીજાના પાકો ખાઈ જતી તો પણ એને ખબર રહેતી ન હતી. એક વાર ખેતરના માલિકે ગુસ્સામાં આવી એને માર પાડ્યો. તો એણે એ ગામ છોડી જ દીધું. હવે તે પોતાના મોટા ભાઈની પાસે કુંદી-બરટોલી નીકળી ગયો. ત્યાં તે થોડા સમય માટે જ રહ્યો. સલગા સ્કૂલ માન્યતા પ્રાપ્ત ન હતી એટલા માટે એણે નિમ્ન પ્રાથમિક પરીક્ષામાં જોડાવા માટે બુડજુ જવું પડ્યું. નિમ્ન પ્રાથમિક પરીક્ષા પાસ કર્યા પછી બિરસા બુડજુ મિશનના પાદરીઓના સંપર્કમાં આવ્યો, જેઓએ એમને ઉચ્ચ પ્રાથમિક સ્તર સુધીનું શિક્ષણ આપ્યું. બુડજુમાં જ એણે બાપ્તિસ સંસ્કાર ગ્રહણ કર્યા, અને એને 'દાઉદ' નામ આપવામાં આવ્યું, હવેથી એને 'દાઉદ બિરસા' કહેવામાં આવ્યો. (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૪૪)

બિરસા હોશિયાર હતો એટલે એના પિતા સુગનાએ એને ચાઈબાસા લૂથેરેન મિશન કેન્દ્રમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે મોકલવા ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ, બિરસાની માતા એને ઘરથી દૂર મોકલવા તૈયાર ન હતી. પરંતુ બિરસાએ જીદ કરી, તો સુગના એને ચાઈબાસા લઇ ગયો. એમને ચાઈબાસા પહોંચતા સુધીમાં શાળામાં નવા વિદ્યાર્થીઓના નામ નોંધાવવાનો સમય પૂર્ણ થઇ ગયો હતો. સુગનાએ પોતાના પુત્રના પ્રવેશ માટે સ્કૂલના અધિકારીઓને વિનંતી કરી. બિરસાનું સૌભાગ્ય હતું કે એની હાલત પર તરસ ખાઇ પાદરીઓએ એને સ્કૂલમાં રાખી લીધો. ૭ મે, ૧૮૮૬માં એનું પુષ્ટિકરણ થયું. એને છાત્રાલયમાં રહેવા માટે પણ મળી ગયું.

હવે બિરસા એક જર્મન પાદરી ડેડલોકસનો શિષ્ય હતો. યુરોપીય મિશનરી શિક્ષકો સાથેના સંપર્કોએ બિરસાના મનને વધુ મજબુત બનાવ્યો અને બિરસાનું વ્યક્તિત્વ પણ વિકસ્યું. બિરસાએ આગળ જતાં જે ધર્મની સ્થાપના કરી, એમનાં અનેક પહલુઓ પર ઈસાઈ ધર્મની સ્પષ્ટ છાપ જોવા મળે છે. બિરસા દ્વારા રચિત પ્રાર્થના અને ઉપદેશ અને અન્ય રચનાઓ, એના સંગઠનો અને પ્રચારની પદ્ધતિઓમાં મિશનરીઓના નિકટના સંપર્કોના પ્રભાવ સીધો જોવા મળે છે. લૂથરન મિશનનો અધ્યક્ષ પાદરી નોટ્રોટનો એક વાર બિરસાએ ઉપદેશ સાંભળ્યો. આ ઉપદેશમાં સ્વર્ગના સિદ્ધાંત પર પ્રકાશ પાડવામાં આવી રહ્યો હતો. એમાં કહેવામાં આવ્યું કે જો તેઓ ઈસાઈ બની રહે અને બતાવેલ માર્ગ પર ચાલશે તો તેઓની છીનવી લીધેલી જમીન તેમને પુનઃ મળી શકશે. બિરસાએ જમીન પુનઃ મળ્યાની વાતને ખૂબજ ગંભીરતાથી લીધી. કારણ કે આદિવાસીઓ માટે જમીનનું મૂલ્ય એમના જીવન કરતાં પણ વધુ મહત્વનું હતું. ચાયબાસામાં રહીને બિરસાએ મિશનરીઓ પાસેથી મુંડા-ધર્મ અને સમાનતાના સંદર્ભમાં ઘણી વાતો સાંભળી. મિશન સ્કૂલના વાતાવરણમાં બિરસાનું મન અશાંત રહેતું. રાત-દિવસ તે વિચારતો રહેતો કે મુંડા જાતિ પ્રાચિન સમયમાં જે સરળ અને સુંદર ધર્મમાં માનતી હતી, એના ઉપર અન્ય જાતિઓ અને એમના ધર્મનો પ્રભાવ પડ્યો હતો તે સારો ન હતો.

સ્કૂલની બહાર 'સરદારી આંદોલન'ની આંધી ચાલી રહી હતી. સરદારી આંદોલનનું કેંદ્ર ચાયબાસાથી નજીક હતું. ૧૮૮૬-૮૭ માં મિશનરીઓ અને સરદારોની વચ્ચે સંઘર્ષ શરૂ થઇ ગયો, જેમાં બિરસા ઘણો દુઃખી થયો. એક મિશનરીએ પ્રાર્થના સભામાં કહ્યું કે, "મુંડા-સરદારો, બધા બેઈમાન છે." સરદારો ઉપર લગાવેલ આરોપથી બિરસા ગુસ્સે થઇ ગયો અને કહ્યું, નહિ, તેઓ બેઈમાન કે ઠગ હોઈ શકે જ નહિ. બેઈમાની શું હોય છે તે મુંડા, ઉરાંવ, કોલ વગેરે જાણતા જ નથી. મિશનરીઓ સાથેના બનાવના કારણે બિરસાને મિશનરી સ્કૂલમાંથી કાઢી મુક્યો. બિરસા અને સરદારોએ કહ્યુ, "સાહેબ-સાહેબ એક ટોપી" એમનું કહેવાનું તાત્પર્ય એ હતું કે ગોરા અફસરો અને મિશનરીઓ એક જ છે. (ચૌધરી, જયંતી, અને અખિલેશ પાંડે, ૨૦૨૫ :૮)

બધા મુંડાઓ "સરદાર આંદોલન"માં સામેલ થઇ ગયા. સરદાર આંદોલનમાં એવા નેતાની શોધ ચાલી કે એના માટે યોગ્ય વ્યક્તિ કોણ હોઈ શકે? આ નેતૃત્વ માટે તેઓને બિરસામાં નેતૃત્વના ગુણ દેખાયા. ૧૮૯૦માં ચાયબાસા સ્કૂલ છોડ્યા પછી બિરસાએ જર્મન મિશનનો પણ ત્યાગ કર્યો. કારણ કે સરદારોનું આંદોલન એ મિશનની વિરુદ્ધ હતું, બિરસાએ હવે રોમન કેથોલિક ધર્મ સ્વીકાર્યો, પરંતુ એમની સાથે પણ તે લાંબા સમય સુધી રહી શક્યો ન હતો. અને તે પોતાના આદિમ ધર્મમાં પાછો ફર્યો.

ચાયબાસાથી ઘરે પાછા ફર્યા પછી બિરસાએ પોતાના પરિવારની ગરીબી જોઇ અને નોકરીની શોધમાં એ ઘરેથી નિકળી ગયો. તે પોતાની દીદી દસકીરની પાસે કાંડેર જતો રહ્યો, ત્યાં તે એક મુંડાને ત્યાં કામ કરવા લાગ્યો. લગભગ એક વર્ષ પછી બિરસા ૧૮૯૧માં કાંડેરથી બદગામ ગયો, અને ત્યાં આનંદ પાંડ, એનો નવો ગુરૂ બન્યો. આનંદ પાંડ બદગાંવના જમીનદાર જગમોહનસિંહના ત્યાં મુનશી તરીકે કામ કરતો. બિરસા પણ ક્યારેક તેમની સાથે જતો

હતો. આનંદ પાંડ પાસેથી રામ, લક્ષ્મણ, ભીમ, અર્જુન વગેરેની વિરતાની વાર્તાઓ સાંભળી બિરસા ખૂબ જ પ્રભાવિત થયા અને આ એના ચરિત્ર નિર્માણમાં પણ સહાયક બન્યા. (ચૌધરી, કલ્પેશ, ૨૦૨૩:૧૮) જમીનદારોના અત્યાચારોથી મુંડા જાતિ ખૂબ જ દુઃખી હતી. બિરસાના મનમાં પણ એમના પ્રત્યે નફરતની ભાવના હતી. ગુરુ આનંદ પાંડ બિરસાથી ખૂબ જ ખુશ હતો અને એના પર એ ગર્વ પણ કરતો હતો. બિરસા ઈમાનદાર, મહેનતુ, ઉદ્યોગી અને તેજ બુદ્ધિવાળો શિષ્ય હતો. એટલા માટે ગુરુએ એના કેટલાક સામાન્ય દુઃખો દૂર કરી શકાય એવું શિક્ષણ આપ્યું. બિરસાએ એવા રહસ્યમય મંત્રો શીખ્યા અને દેશી ઔષધિઓના સંબંધમાં વિસ્તૃત જાણકારી મેળવી લીધી. ખૂબ જ ઓછા સમયમાં જ તે (બિરસા) મંત્ર-તંત્ર અને દેશી જડી-બુટ્ટીઓના જાણકાર (વિશેષજ્ઞ) બની ગયો. તથા એક દ્રઢ 'સોખા' તરીકે ઓળખાવા લાગ્યો. આ રીતે આનંદ પાંડની પાસે એના ત્રણ વર્ષ વિતી ગયા.

બિરસા બામનીના એક બડાઇકને ત્યાં એક વૈષ્ણવ સાધુના સંપર્કમાં આવતાં અને એમના અહિંસા સંબંધી સિદ્ધાંતોથી એવો પ્રભાવિત થયો કે એણે શિકાર કરવાનું, અને માંસ ખાવાનું છોડી દીધું અને યજ્ઞોપતિત ધારણ કરી શુદ્ધતા અને ધર્મ પરાયણતા પર ભાર મૂકવા લાગ્યો. તે તુલસીની પૂજા કરવા લાગ્યો અને માથા પર ચંદનનો ટીકા કરવા લાગ્યો. બિરસાએ હિન્દુઓની પવિત્ર ધારણાની જાણકારી પ્રાપ્ત કરી, ગૌ-વધ અટકાવ્યો. પાછળથી બિરસાના અનુયાયીઓએ દાવો કર્યો કે પાટપુરમાં બિરસાને મહાપ્રભુ ભગવાન વિષ્ણુના દર્શન થયા.

સિંહભૂમિના પોડાહાર વિસ્તારમાં ગિડિયનના નેતૃત્વમાં એક નવી લડાઇ શરૂ થઇ ગઇ હતી. ૧૮૯૩-૯૪ માં ગામોની બંજર જમીનને, જેના પર સમાજની માલિકી હતી. તેને "સુરક્ષિત વન" ઘોષણા કરી દીધું. ખેડૂતોના અધિકારોને ધ્યાનમાં રાખી ભારતીય વન અધિનિયમ ૭, ૧૮૭૮ના આધિન એવું કરવામાં આવ્યું હતું. સુરક્ષિત વન ક્ષેત્ર અધિનિયમના કારણે આદિવાસીઓમાં વ્યાપક અસંતોષ ફેલાઇ ગયો અને તેઓ આંદોલન કરવા લાગ્યા. પોતાની ઈચ્છાનુસાર જંગલનો ઉપયોગ ન કરી શકાય એ આદિવાસીઓ માટે ખૂબ જ દુઃખ દાયક બાબત હતી. એમણે સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું કે અંગ્રેજ સરકાર એમની પાસેથી જંગલનો અધિકાર છીનવી શકશે. જંગલતો એમની 'માં' જેવી છે. જે રીતે ઘરમાં 'માં' પોતાના બાળકને જરૂરીયાતની બધી જ વસ્તુઓ આપે છે, એવી રીતે જંગલમાંથી આદિવાસીઓને ભોજન, વસ્ત્ર, રહેઠાણ વગેરેની બધી જ સુવિધાઓ મળી રહે છે. જંગલનો અધિકાર આદિવાસીઓનો મૂળભૂત અધિકાર છે. વિભિન્ન આદિવાસી જૂથોએ આ અધિનિયમના વિરુદ્ધ અરજી પણ આપી. એમણે માંગણી કરી કે અમને જંગલના અધિકારો પાછા આપો.

સિગડિદના મુંડાઓ પોતાની સમસ્યા લઇ બિરસાની પાસે બંદગામ પહોચ્યા. બિરસાએ એમની વાતો સાંભળી એ પોતાને ધિક્કારવા લાગ્યો. એને એ વાત શરમજનક લાગી કે સરકાર આદિવાસીઓને 'માં' ની ગોદમાંથી બહાર કાઢી રહી છે અને તે પોતે આનંદ પાંડને ત્યાં રહી દિકુઓના ધર્મનો પાઠ શીખી રહ્યો છે.તે સમયે મુંડાઓમાં ઘણા ઓછા હતા કે જેઓ વાંચવા-લખવાનું જાણતા હતા. અનેક લોકો વાતો કરતા હતા કે સુગનાનો છોકરો વિદ્વાન થઇ ગયો છે. પોતાના લોકોના ભરોસાની રક્ષા માટે બિરસા સિગડિદ ગામના મુંડાઓ સાથે ચાયબાસા નિકળી ગયો. સરદારોના આંદોલનમાં બિરસા ઉલઝતો રહ્યો. આનંદ પાંડે એમને આંદોલનના રસ્તે જતાં અટકાવવાનો પ્રયત્ન કર્યો. પોતાના પ્રિય શિષ્ય બિરસાને એમણે સલાહ આપી કે ભાવનાઓમાં આવી કોઇ કામ ન કરવું, પરંતુ બિરસા પોતાની અંતરઆત્માનો અવાજ રોકી શકતો ન હતો. બિરસાએ ગુરુનો સાથ છોડ્યો, કારણ કે એની અંદર પોતાની જાતિના વિવિધ પ્રકારના ઉત્પીડતોથી સ્વતંત્ર કરવાની લાલસા મજબૂત થવા લાગી હતી. આનંદ પાંડેએ બિરસાને આંસુભરી આંખોથી આશીર્વાદ આપ્યા અને એ જવાબદારી સોંપી કે તે પોતાની જાતિ અને પોતાના દેશને હર સંભવ અને ઉત્તમ પદ્ધતિથી બચાવી લે. (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૪૭)

**II.**

૧૮૯૪ના પ્રારંભિક વર્ષમાં બિરસા ગુરુની સંમતિ લઇ ખરંગા ગયો. થોડા સમય ત્યાં રહ્યા બાદ તે પોતાના માતા-પિતાની પાસે પોતાનું લક્ષ્ય સ્થિર કરી ચૂક્યો હતો. એમણે પોતે પોતાને દરેક પ્રકારે પોતાના સમુદાયની સેવામાં લગાવી દીધું. નિરંતર ઉત્સાહ સહિત સેવા કરવાના કારણે તે બધાનો પ્રિય બની ગયો હતો. તે એક 'સોખા' ની જેમ પ્રસાર કરવા લાગ્યો. હવે તેમણે પૂર્ણ રીતે ઈસાઇયતનો ત્યાગ કરી દીધો હતો અને એક યોગીની જેમ ચિંતન કરવા લાગ્યો હતો. એમના ઘરની પાસે એક આંબાનું ઝાડ હતું. તેની નીચે એ ધ્યાન ધરતો હતો. એ ઝાડને તેણે નવા દોરાઓથી બાંધી દીધું હતું અને ત્યાં દેશી દવાઓ સંબંધી અભ્યાસ કરી દવાઓ તૈયાર કરતો હતો. ઘણા લોકો અહિં આવતા હતા અને સાજા પણ થઇ જતા હતા. બિરસા આજુ બાજુના ગામોમાં પણ લોકોના દુઃખ દુર કરવા જતો હતો. આ રીતે બિરસા ચાર વર્ષ સુધી આત્મજ્ઞાન માટે સાધના કરી અને સાથોસાથ વન ઔષધીઓનું જ્ઞાન પ્રાપ્ત કરી એક વૈદ્યની જેમ લોકોની સારવાર કરવા લાગ્યો, જેનાથી મુંડાઓની વચ્ચે એનો પ્રભાવ વધતો ગયો.

૧૮૯૪માં અર્થાત લગભગ ૧૯ વર્ષની ઉંમરમાં બિરસા એક સ્વસ્થ અને સુંદર યુવાન બની ચૂક્યો હતો. એની લંબાઇ પાંચ ફૂટ, ચાર ઈંચ હતી. એનું વ્યક્તિત્વ ખૂબ જ આકર્ષક અને અસાધારણ હતું. એનું નાક - નક્શો સારો હતો. પોતાની જાતિ બિરાદરી વાળાઓની તુલનામાં એનો રંગ વધુ ઉજળો હતો, એની આંખોમાં અજીબ પ્રકારની ચમક હતી અને તે બુદ્ધિશાળી હતો. યુવા બિરસાના જીવનમાં પણ અન્ય મુંડા યુવકો જેવી જુવાનીના દિવસો આવ્યા. એની સગાઇ પણ થઈ. મુંડા પ્રથા અનુસાર બિરસાએ યુવતીના માતા-પિતાને ઘરેણાં ભેટ કર્યા અને એ યુવતી સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ પહેલી જેલ યાત્રા પછી પાછા ફરતાં માલુમ પડ્યું કે તે યુવતી એમના પ્રત્યે વફાદાર ન રહેતાં એમની સાથે લગ્નનો વિચાર છોડી દીધો. એના પછી ઘણી અલગ-અલગ વાતો એના સંદર્ભમાં થઈ. પરંતુ હકિકત એ હતી કે બિરસા અવિવાહિત રહ્યો હતો. (ઇગ્નાસીયા, ૨૦૦૨: ૫૦)

૧૮૯૫માં વીસ વર્ષના બિરસાનું વ્યક્તિત્વ, મુંડા સમુદાય માટે ખૂબ જ આકર્ષક બની ચૂક્યું હતું. એમના વ્યક્તિત્વના નિર્માણમાં ત્રણ તત્વો વિશેષરૂપથી ઉલ્લેખનીય છે. જર્મન ઈસાઇ ધર્મ, પાદરીઓ અને જર્મન મિશન સ્કૂલના માધ્યમોએ બાળપણને એક મજબુત આધાર આપ્યો.

એકવાર મુંડા ક્ષેત્રમાં ભયંકર દુકાળ પડ્યો. બિરસા અને એનો પરિવાર પણ એમાં સપડાયો. ભણેલો-ગણેલો હોવા છતાં પણ તે દુઃખી અને અશાંત માતા-પિતા માટે કંઇ કામ કરી તેમની ભૂખ દૂર કરવા લાયક ન થઇ શક્યો. તેનો તેને રંજ હતો. અન્નના અભાવે ઘણા લોકો ઘરે-ઘરે મરી રહ્યા હતા. એ દિવસોમાં એક ગર્ભવતી મુંડા સ્ત્રી મૃત્યુ પામી હતી. એને મુંડા ધાર્મિક પ્રથા અનુસાર જંગલમાં એના બધા ઘરેણાઓ અને ધન સાથે દફનાવી દીધી હતી. ઘરેણાઓમાં સોનાના ઘરેણાઓ પણ હતા. બિરસાએ પોતાના કુંટુંબને ભુખ્યું જોઇ પોતાનો વિવેક ગુમાવ્યો અને રાત્રે સ્મશાનમાં જઇ એ સ્ત્રીના ઘરેણા લઇ લીધા. એવું સાહસ કરવાનું એટલા માટે એણે વિચાર્યુ કે તે મુંડા કુસંસ્કારોના વિરોધી હતો. એણે લાવેલ ઘરેણા બજારમાં સોનીને ત્યાં વેચી, દાળ-ચોખા લાવી કુંટુંબને આપ્યા. તેમને લાગ્યું કે જ્યારે જીવિત વ્યક્તિ મૃત્યુ પામી રહ્યા છે ત્યારે મૃતકને ઘરેણા આપવાનું ઔચિત્ય શું?

બજારમાં ચોરીના ઘરેણા વેચતા લોકોએ તેને પકડી પાડ્યો હતો . બિરસાએ અપરાધ સ્વીકારી લીધો હતો. લોકો એને ખૂબ જ ખરાબ વ્યક્તિ કહ્યો. અને મુંડા ધર્મમાંથી એનો બહિષ્કાર કર્યો. બિરસાની હાલત દયનીય બની ગઈ. એણે પોતાને અપમાનિત અને ઉપેક્ષિત

સમજ્યો અને એમણે પોતાના મનમાં નક્કી કરી લીધું કે આ પાપનું પ્રાયશ્ચિત જરૂર કરીશ. ગુમાવેલ આત્મસમ્માન પુનઃ પરત લાવવા માટે એમણે અનોખુ પગલું ભર્યું. પોતે પોતાને ભૂલીને તે રાત-દિવસ ભૂખા-પિડિતોની સેવા કરવા લાગ્યો. અને સખત મહેનતથી અનેક લોકોનો જીવ બચાવ્યો. સીધા સાદા મુંડા જલ્દી પોતાના પાગલપનને ભૂલી ગયો અને બિરસા પોતાના મુંડા સમુદાયનો રક્ષક યા મસીહા બની ગયો.

મે-જૂન, ૧૮૯૫ની આસપાસ બિરસાને અલૌકિક અનુભૂતિઓ થવા લાગી અને એનું ઈશ્વરીયરૂપ ઉભરવા લાગ્યું.એ સમયની એક અદભુત ઘટનાએ બિરસાને એટલો લોકપ્રિય બનાવી દીધો કે સમગ્ર મૂંડા પ્રદેશથી લોકો એના દર્શન કરવા આવવા લાગ્યા. એમણે એક સ્વપ્ન જોયું અને ચલકદના વીરસિંહ મૂંડાની પાસે વર્ણન કર્યુ કે "એક દિવસ એક વૃદ્ધ વ્યક્તિ કે જે મારા પૂર્વજોમાંથી એક હશે એમ લાગી રહ્યો હતો, સફેદવાળ અને લાકડીના સહારે ચાલતો મારી પાસે આવ્યો. એના હાથમાં ભાલા અને તલવાર હતી. તે એક ખુરસી પર બેઠો. એણે એક વૃક્ષ રોપ્યું કે જે ખૂબ જ ચીકણું હતું. વૃક્ષના ટોચ પર એક કિંમતી વસ્તુ મૂકી. એમણે ચાર વ્યક્તિઓને બોલાવ્યા. પહેલી આત્મા (બોંગા), બીજો રાજા, ત્રીજો મેજિસ્ટ્રેટ અને ચોથો હું જાતે જ. એમણે એમને વૃક્ષ પર ચઢી એ કિંમતી વસ્તુ ઉતારી લાવવા જણાવ્યું. બધાએ પ્રયત્ન કર્યા પણ કોઈ સફળ થયું નહિ. મારો વારો આવ્યો તો હું એ વસ્તુ એમના માટે લાવ્યો. એ કિંમતી વસ્તુ શું હતી તે હું જોઈ શક્યો નહિ. કારણ, ત્યારે જ હું જાગી ગયો." કહેવાય છે કે આ સ્વપ્ન બિરસાની માનસિક અંતર-દ્વંદ્વનું પ્રતિક હતું. બિરસાએ આ સ્વપ્નને પોતાના સંઘર્ષ માટે પરમાત્માની સ્વીકૃતિ માની લીધી. (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૫૨)

સમયની સાથે બિરસા ઘણો બદલાઇ ગયો અને એના જીવનનો એક નવો અધ્યાય શરૂ થયો. બિરસાએ કહ્યું કે "મારામાં ઈશ્વરનો પ્રવેશ થયો છે." સિંગબોંગા (સૂર્ય ભગવાન) એ મને આ દુનિયાની બધી વસ્તુઓ આપી છે. હું બિમાર માણસોને સાજો કરી શકું છું. એટલે વિવિધ દેવતાઓની પૂજા કરવાનું છોડી દો. બિરસા કહેતો કે ચુટિયાનાગપુર (છોટાનાગપુર) આપણું હતું, મૂંડાઓનું હતું, માટે આપણે સરકારના કોઈ આદેશનું પાલન કરીશું નહિ, આપણે જમીનનો કર (લગાન) ભરીશું નહિ. પોલીસ કે મેજિસ્ટ્રેટની વાત માનીશું નહિ. આપણે કોઈની વેઠયા મજૂરી (વેઠ-બેગારી) કરીશું નહિ, કારણ આ બધુ આપણું છે. વીરસિંહ મૂંડાએ આ વાત સમગ્ર પ્રદેશમાં ફેલાવી દેતાં બધા મૂંડાઓ એમને (બિરસાને) મળવા આવવા લાગ્યા.

બિરસાએ મૂંડારીમાં કહ્યું કે, "હું ધરતીનો પિતા (આબા) છું. જેઓ બિમાર છે તેમને મારી પાસે લઇ આવો અથવા મને એમની પાસે બોલાવી લો. ઘણાં મૂંડાઓ એમને પોતાના ગામની મહામારી દૂર કરવા બોલાવવા લાગ્યા અને મહામારી દૂર પણ થવા લાગી. બિરસાની આ રહસ્યમય શક્તિ ઉપર લોકોએ વિશ્વાસ મૂકવાનું શરૂ કર્યું. તેઓએ (લોકોએ) માની લીધું કે બિરસા ભગવાનનું રૂપ છે અને એજ એમને બચાવી શકે છે. આ રીતે બિરસા રોગ દૂર કરવાના વૈદના રૂપમાં પ્રસિદ્ધ થઇ ચૂક્યો.

૧૮૯૫ સુધીમાં બિરસાએ જાણી લીધું હતું કે ઇસાઇ અને હિંદુ ધર્મોથી એમને કે એમની જાતિનો કોઇ ઉદ્ધાર થવાનો નથી. એમણે એ પણ જાણી લીધું કે સરદાર આંદોલનથી પણ એમની કોઇ સમસ્યાનો હલ થવાનો ન હતો. ઊંડા ચિંતન પછી એમણે એ તારણ કાઢ્યું કે ધર્મભીરૂ મૂંડા જાતિના નેતૃત્વ માટે એક નવા ધર્મની જરૂર છે. નવા ધર્મની જરૂર એટલા માટે કે મૂંડા જાતિનો પોતાનો આદિધર્મ, હિંદુ-ધર્મ અને ઇસાઇ ધર્મના પ્રભાવથી બદલાઇ ગયો હતો.

બિરસા માનતો હતો કે બ્રિટિશ સરકાર અને બાહ્ય પ્રભાવમાંથી મુક્તિ માટે નવો ધર્મ, એક નવા શસ્ત્રની જેમ કામ કરશે, એમને વિશ્વાસ હતો કે નવા ધર્મનો અવાજ દરેક જાતિઓ સાંભળશે અને સમાજની મુક્તિ સરળ થઇ જશે.આ રીતે ચમત્કારી વૈદ અને સમાજસેવી બિરસાએ, એક ઉપદેશકના રૂપમાં પણ ખ્યાતિ મેળવી. એમની પાસે મૂંડા પ્રદેશના લોકો તો આવતા જ હતા, સાથો સાથ અન્ય પ્રદેશોમાંથી, અન્ય જાતિના લોકો પણ આવવા લાગ્યા. બિરસાએ ઘોષણા કરી કે, હું ધરતી આબા છું. બિરસાએ ભૂત-પ્રેત, દેવી-દેવતાઓની બલીઓ ચઢાવવી વગેરેનો વિરોધ કર્યો. અને એને અંધવિશ્વાસ ગણાવ્યો. બિરસાને બલીપ્રથા પસંદ ન હતી, તે સમતાવાદી હતો. ધન જમા કરી રાખવાવાળાઓ એમની નજરમાં સમાજના દુશ્મન હતા. ગરીબોને વહેંચી આપવું એજ ધનનો સદઉપયોગ છે એમ સમજાવતો. (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૫૭) બિરસાનું વધતું આકર્ષણ જોઈ મિશનરીઓ બેચેન થઇ એનો વિરોધ કરવા લાગ્યા. તેઓ ઈચ્છતા ન હતા કે બિરસાને ઈશ્વરનો પયગંબર તરીકે સ્વીકારવામાં આવે. બિરસા ક્રમશઃ; એક સમાજસેવક, એક વૈદ, એક ચમત્કારી, એક ઉપદેશક અને પૈગમ્બર બની ગયો અને છેલ્લે 'ભગવાન' માની લેવામાં આવ્યો. બિરસા ભગવાને એક આદેશ આપ્યો, જેને મુંડા ક્ષેત્રમાં પ્રસારિત કરવામાં આવ્યો કે સફેદ મરઘાં અને મરઘીઓને તથા સફેદ ડુકરોને ખતમ કરી નાખવામાં આવે, કારણ કે એ ખુબજ ગંદા હોય છે. બિરસાના પ્રભાવિત ક્ષેત્રમાં બધા આદિવાસીઓએ આ આદેશનું નિષ્ઠાપૂર્વક પાલન કર્યું. એનો આ આદેશને પ્રતિકાતાત્મ્ક માનવામાં આવે છે. સફેદ જાનવરોને ખતમ કરવા પાછળ ગોરા અંગ્રેજો પ્રત્યેની એમની સૌથી વધુ નફરત જોવા મળે છે. (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૬૧) આ રીતે બિરસાએ સમાજ, સમાજ સુધારણા અને સમાજ જાગૃતિના અનેક કાર્યોનો પ્રારંભ કર્યો હતો. આ રીતે બિરસા વનસ્પતિઓની જડીબુટ્ટીઓનું અદભૂત જ્ઞાન ધરાવતા હતા. ઉપરાંત સમાજ પ્રત્યે અત્યંત સંવેદન શીલ બની સમાજ સેવામાં લાગી ગયા હતા. પ્રારંભના વર્ષોમાં એમને નજીકના ગામોમાં જઇ લોકોની સારવાર કરતા. ત્યાર પછી સારવાર માટે ચલકદ ગામમાં એક આશ્રમ બનાવ્યો અને તે ક્રાંતિનો ગઢ બની ગયો. તેઓ લોકોને અંધશ્રધ્ધા, વ્યસનો અને કુરિવાજો છોડવાનો સંદેશો આપતા.જોત જોતામાં અનેક લોકો તેમના અનુયાયી બની ગયા.

## III.

બિરસાએ જે આંદોલન શરૂ કર્યું હતું તે બિરસા આંદોલન તરીકે ઓળખાય છે. બિરસા આંદોલનના બે પ્રમુખ સરદાર ડોંકા મૂંડા અને મઝિયા મૂંડા હતા, જેમણે ૨૮ જાન્યુઆરીએ અન્ય ૩૨ આંદોલનકારીઓ સાથે સામૂહિક આત્મસમર્પણ કર્યું. કારણ કે સરકારે એમની મિલકત જપ્ત કરી લીધી હતી. સરકારને એવું લાગ્યું કે આંદોલન પૂર્ણરૂપથી દબાવી દીધું છે. આંદોલન ક્ષેત્રમાંથી સેના પાછી બોલાવી લીધી. અમુક સંવેદનશીલ સ્થળો પર જ નજર રાખવામાં આવી. આમ ૧૮૯૫ થી ૧૯૦૦ સુધી મૂંડા ક્ષેત્રોમાં ઘણી ઉથલ-પાથલ થઇ કે જેનાથી મૂંડા-સમુદાયમાં અનેક પ્રકારના પરિવર્તનો સ્વયં થઇ ગયા.

૧૮૯૫માં બિરસાની પ્રથમ ધરપકડ પછી બ્રિટિશ સરકારના ભયથી મૂંડા લોકોએ ઇસાઇ મિશનોના શરણમાં આવવા યોગ્ય સમજ્યું. આ રીતે બિરસા આંદોલન થોડું શિથિલ થવા લાગ્યું. ઉલગુલાન (વિદ્રોહ) પછી બિરસાની શોધમાં સરકાર પાગલ થઇ ગઇ હતી અને મૂંડાઓને અનેક પ્રકારની યાતનાઓ આપી રહ્યા હતા, એ યાતનાઓથી મૂંડાઓ તૂટી ગયા અને પુનઃ ઇસાઇ ધર્મ અપનાવી આંદોલનકારીઓને ગિરફતાર કરાવવામાં અધિકારીઓની મદદ કરવા લાગ્યા અને સરકાર તરફથી નાના-મોટા પુરસ્કારો મેળવવા લાગ્યા. બિરસાના અંતિમ દિવસો પોડાહાટની પહાડીઓ અને જંગલોમાં આમ-તેમ ભટકતા પસાર થયા. એક સમય એવો આવ્યો કે બિરસાની ધરપકડની જવાબદારી સ્વયં કમિશ્નરે લીધી. જામકોપાઈના જંગલોમાં છુપાઇને એમણે લાંબા સમય સુધી પોતાને ધરપકડથી બચાવ્યો હતો.

રોગતોમાં બિરસા અને એમના અનુયાયીઓની એક તત્કાળ (આપાત) બેઠક ખૂબ જ ઉતાવળમાં થઈ. આ બેઠકમાં બિરસાએ

પોતાનો ધર્મ અને પોતાના અનુયાયીઓ માટે આચાર સંહિતાની સમજ આપી. જેનાથી એમનું મનોબળ મજબૂત રહે અને એમની સંખ્યામાં ઘટાડો ન થાય. એ દિવસે બિરસાએ કહ્યું હતું કે, "હું તમારા હાથમાં ચાંદ ઉતારી આપીશ, હું ઉલગુલાન લાવી આપીશ, હું તમને ખોળામાં રાખી રમાડીશ નહિ, જૂઠી વાત કરી ગુમરાહ પણ ન કરીશ. તેઓ કહેતા કે જમીનદાર, શાહુકારો, વૈદો બધા આપણા દુશ્મનો છે. સાહેબો અર્થાત અંગ્રેજોની સરકાર સૌથી મોટી દુશ્મન છે. આપણે એને ઉખાડી ફેકીશું અને સ્વતંત્ર મૂંડા રાજ્યની સ્થાપના કરીશું. સાહેબો (અંગ્રેજો) ની સરકાર ચાલી જશે પછી રાજા, જમીનદાર, ઠેકેદાર, મહાજન અને વૈદોના શોષણનો પણ અંત થશે." બિરસાએ ઉપસ્થિત અનુયાયીઓને સમજાવવા અને પ્રભાવિત કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ એમના અનુયાયીઓ સરકારની કાર્યવાહીઓથી તંગ આવી ગયા હતા. સરકારે બિરસાની ધરપકડમાં મદદ કરવા માટે પાંચસો રૂપિયાનું ઈનામ જાહેર કર્યું.

બદગાવના જમીનદાર જગમોહનસિંહના સંપર્કમાં રહેવાવાળો વિરસિંહ મહલી અને બીજા સ્વાર્થી વ્યક્તિઓએ બિરસાની ધરપકડ કરાવી પાંચસો રૂપિયાનું ઈનામ જીતવા નિશ્ચય કર્યો. ૩ માર્ચ, ૧૯૦૦ ના દિવસે, મૂંડા-ઈતિહાસનો કાળો દિવસ હતો. વિશ્વાસઘાતિઓ સેંતરાના પશ્ચિમ તરફના જંગલ સુધી પહોંચી ગયા. ત્યાં જોયું કે થાકી ગયેલ બિરસા ઊંઘી ગયો છે. અને એની ચોકીદારી કરી રહેલી બંને સ્ત્રીઓ પણ ગાઢ ઊંઘમાં હતી. તક જોઈ એમણે એકાએક હુમલો કર્યો અને બિરસાને પોતાના કબજામાં લઈ લીધો. બધું અચાનક એટલું જલ્દી થયું કે બિરસા અને એની સાથે રહેવાવાળી સ્ત્રીઓએ આત્મરક્ષા માટે કોઈ હથિયાર પણ ઊંચકી ન શક્યા. તેઓએ આ ત્રણેને તરત જ, બદગાંવના ડેપ્યુટી કમિશ્નરના હવાલે કરી દીધા અને પાંચસો રૂપિયાનું જાહેર કરેલ રોકડ ઈનામ લઈ લીધું. (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૧૩૨)

બિરસાની ધરપકડના સમાચાર ફેલાતાં જ બદગાંવમાં મોટી સંખ્યામાં ભીડ જમા થવા લાગી. પોલીસ ટુકડીની સખત બંદોબસ્તમાં બિરસાને રાંચી લઈ જવામાં આવ્યો. બિરસાને રાષ્ટ્રીય નાયકના રૂપમાં સ્વાગત કરવા રાંચી પણ તૈયાર ન હતી. બધાના હૃદયમાં એક શોક (માતમ) છવાઈ ગયો.એ વખતે સરકારનો એવો ભય હતો કે રાંચીનો કોઈ વકિલ બિરસાના બચાવમાં ઉભા રહેવા સાહસ પણ કરી શક્તો ન હતો. જો કે જેલમાં પણ બિરસાએ પોતાની ચિંતા ન કરી, પરંતુ ગિરફતાર થયેલ પાંચસો અનુયાયીઓના સંબંધમાં વિચારતો હતો. એનો નજીકનો મિત્ર ભરમી મૂંડાને કહ્યું, "તમે બધા કોર્ટમાં આ વાતનો ઈન્કાર કરી દો કે અમે બિરસાને જાણતા પણ નથી અને સાથ પણ આપ્યો નથી, અને હું પણ તમને ઓળખવા માટે ઈન્કાર કરી દઈશ. એના અનુયાયીઓને બચાવવા એમણે આ યુક્તિ વિચારી. એ સમયે બિરસા પર કેસ ચલાવવા માટે પુરતા પુરાઓ પણ ન હતા. આરોપોની સંખ્યા ઘણી હતી, પરંતુ આરોપો એવા ન હતા કે એમને ભારે સજા કરી શકાય. જો કે અધિકારીઓના રૂઆબ જોઈને બિરસાને આભાસ થઈ ગયો હતો કે હવે જેલથી જીવિત નિકળવા દેશે નહિ. અંગ્રેજ સરકાર દ્વારા ચાલાકી પૂર્વક અનેક બાબતોમાં બિરસાને દોશી ઠરાવવામાં આવ્યા.

૩૦ મે, ૧૯૦૦ ના દિવસે સામાન્ય દિવસોની જેમ બિરસાને ભોજન આપવામાં આવ્યું. એમણે ભોજન તરફ જોયું પણ નહિ.એટલું જ નહિ પરંતુ એમણે અસ્વસ્થતાની ફરિયાદ પણ ન કરી. એ જ દિવસે અન્ય ૧૯ કેદીઓની સાથે એમને અદાલતમાં લઈ જવામાં આવ્યો. પોતાના અભિયાનની અસફળતાના કારણે તે માનસિક રીતે હતાશ તેમજ શારીરિક કમજોરીએ એને એટલો દુર્બળ બનાવી દીધો હતો કે અદાલતમાં જ એ બેભાન થઈ ગયો. એને પાછા જેલમાં લઈ આવવામાં આવ્યો. જેલ-હોસ્પીટલમાં સહાયક ચિકિત્સકે સવારે પોણા દશ વાગે દવા આપી. તપાસ કરતાં માલુમ પડ્યું કે નસ નબળી થઇ ગઈ અને તીવ્ર ગતિથી ચાલી રહી છે, એની જીભ સુકાઈ રહી હતી, અને છાતીમાં બળતરા થઈ રહી હતી, અને એની આંખો અંદર ચાલી ગઈ હતી. અવાજ લડ-ખડી રહ્યો હતો અને અસ્પષ્ટ હતો. બિરસાની આવી હાલત ત્રણ દિવસ સુધી રહી.

પહેલી જૂન, ૧૯૦૦ના દિવસે ડેપ્યુટી કમિશ્નર સ્ટ્રીટ ફિલ્ડને સૂચના આપવામાં આવી કે બિરસાને 'હૈજા' થઈ ગયો છે અને એની બચવાની કોઈ સંભાવના રહી નથી. ડેપ્યૂટી કમિશ્નરે બિરસાની હાલત જોઈ એમણે જેલ ચિકિત્સક એન્ડરસનને મોકલી એની હાલતમાં સુધારો કરાવ્યો. સાત જૂન સુધી એમાં આશ્ચર્યજનક રીતે ઘણો સુધારો થયો. પરંતુ આઠ જૂને અચાનક પાછી એની તબિયત બગડી.નવ જૂન, ૧૯૦૦ ની સવારે એની હાલત વધારે બગડી. આઠ વાગે અચાનક બેહોશ થઈ ગયો. આ જ દિવસે સવારે ૯:૦૦ વાગે, "ધરતી આબા" ચિર નિંદ્રા સૂઈ ગયા. અને આ રીતે ૨૫ વર્ષની યુવા વયે છોટા નાગપુરનો ચમકતો સિતારો ડૂબી ગયો. . (ઇગ્નાસીયા, ટોપ્પો, ૨૦૦૨:૧૩૬) આ રીતે બિરસા અંગ્રેજોની ગુલામી વિરુધ્ધ યોજનાબધ્ધ સશસ્ત્ર સંઘર્ષમાં પારંગત તો હતો જ, પરંતુ સાથોસાથ સ્વદેશી શોષણનો પણ ઘોર વિરોધી હતો.એની લડાઈ એક એવા ભવિષ્યની હતી કે જેમાં સમાજના છેવાડાની વ્યક્તિ પણ શોષણમુક્ત અને ભયમુક્ત આત્મસમ્માનનું જીવન જીવી શકે.બિરસાએ સ્વતંત્રતા માટે "અબુઆ દિશુમ અબુઆ રાજ- આપણો દેશ આપણું રાજ" નો શંખનાદ કરી આદિવાસી યુવકોને જગાડ્યા.

### ભગવાન બિરસા મુંડાના નામ પરના જાહેર સ્થળો:

બિરસા મુંડા એક એવા મહાન ક્રાંતિકારી અને સમાજસુધારક, જનનાયક તેમજ આદિવાસીઓમાં સન્માનીય કે જેને લોકોએ ભગવાનનું નામ આપ્યું છે એવા મહાન જનનેતાના નામ પરથી અનેક જાહેર સ્થળોના નામ આપવામાં આવેલા છે જે નીચે પ્રમાણે છે.

i). બિરસા મુંડા હવાઈ મથક, રાંચી, ઝારખંડ
ii). ભગવાન બિરસા મુંડા મ્યુઝિયમ, ઓલ્ડ રાંચી,
iii). ભગવાન બિરસા મુંડા મેમોરિયલ પાર્ક, રાંચી
iv). બિરસા મુંડા ઇન્ટરનેશનલ હોકી સ્ટેડિયમ, રાઉરકેલા, ઓડિશા
v). બિરસા કૃષિ યુનિવર્સિટી, રાંચી, ઝારખંડ
vi). બિરસા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, સિંદરી, ઝારખંડ
vii). બિરસા કોલેજ, ખુંટી, ઝારખંડ
viii). બિરસા મુંડા સરકારી મેડીકલ કોલેજ, શહડોલ, મધ્યપ્રદેશ,
ix). બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સીટી, રાજપીપળા, નર્મદા, ગુજરાત,
x). બિરસા મુંડા સેન્ટ્રલ જેલ, રાંચી, ઝારખંડ,
xi). ભગવાન બિરસા મુંડા ચોક, નવી દિલ્હી,
xii). ભગવાન બિરસા મુંડા સમાધિ સ્થાન, કોકર, રાંચી,
xiii). વિદ્રોહની પ્રતિમા, રાંચી, ઝારખંડ,
xiv). સીધો કાનો બિરસા યુનિવર્સીટી, પુરુલિયા, પશ્ચિમ બંગાળ,
xv). બિરસા મુંડા એથ્લેટીક્સ સ્ટેડીયમ, રુરકેલા, રાંચી,
xvi). બિરસા મુંડા પાર્ક, ધનબાદ, રાંચી, ઝારખંડ,
xvii). બિરસા મુંડા ચેર, ઇન્દિરાગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટી, અમરકંટક. આ સ્થળો ભારતના ઇતિહાસમાં બિરસા મુંડાના યોગદાન અને વારસાને કાયમ માટે જાળવી રાખે છે.

બિરસા મુંડાને નામ આપવામાં આવ્યા હોય એવા સ્થળો માત્ર ઝારખંડ, ઓડીશા, દિલ્હી સુધી મર્યાદિત નથી ભારતના વિવિધ રાજ્યોમાં સરકાર, આદિવાસી સંગઠનો અને સ્થાનિક લોકો દ્વારા નામકરણ કરી પ્રતિમા સ્થાપનાનો પ્રયાસ થાય છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫ માં બિરસા મુંડાની ૧૫૦ મી જન્મજયંતીની ઉજવણી નિમિતે ગુજરાતના આદિવાસી વિસ્તારના મોટાભાગના જીલ્લા અને તાલુકા કક્ષાએ બિરસા મુંડાની પ્રતિમા મુકવામાં આવેલ છે.

## References


1. Ignasiya Toppo. Jharkhand ke Mahanaik Birsa Munda (Hindi ed.). Dariaganj, Delhi, 2002.
2. Karampuri P. Birsa Munda (Hindi ed.). Redgrab Books Pvt Ltd, 2022.
3. Hemrom K. Birsa Munda ka Ulgulaan. National Book Trust, India, 2015.
4. Das J. Dharati Aaba Birsa Munda. Rajkamal Prakashan, 2017.
5. Kunwar GK. Birsa Munda (Hindi ed.). Prabhat Prakashan, 2018.
6. ચૌધરી, જયંતી, અને અખિલેશ પાંડે(૨૦૨૫), ભગવાન બિરસા મુંડા, સાહિત્ય સાધના ટ્રસ્ટ, કાંકરિયા અમદાવાદ
7. ચૌધરી, કલ્પેશ, (૨૦૨૩:૧૮) એક આદિવાસી સ્વતંત્રતા લડવૈયા બિરસા મુંડા, સ્વાતંત્ર્ય સંગ્રામ અને આદિવાસી
8. નાયક-નાયિકાઓ, (સંપાદક) જયંતીલાલ બામણીયા અને સુભાષ પાંડર, અક્ષર બૂક એજન્સી, અમદાવાદ
9. Singh KS. Birsa Munda aur unka aandolan (1872–1901). Anthropological Survey of India, 2002.
10. Pandey S. Jharkhand ke amar krantikari: Birsa Munda evam Sidhu-Kanhu. Vani Prakashan, 2018.